**ફોજદારી કેસ નંબર : ૧૧૧૨/૨૦૧૧**

**::: આંક : ૦૧ લગત હુકમ :::**

સદરહું ફરીયાદ ફરીયાદી ધ્વારા તા. ૪–૧–૧૯૯૭ ના રોજ આરોપી વિરુધ્ધ નેગો.ઈ.એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ કામે ફરીયાદી ધ્વારા દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ કરી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ હતા.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. આક કામે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. ફરીયાદી ઘણી મુદતોથી હાજર રહેતા નથી. આ કોર્ટ ધ્વારા કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે તા.૨૩–૧૦–૧૯૯૭, તા.૫–૧૨–૯૭, તા. ૨૩–૧–૯૮, ૯ –૨–૯૮, ૨૦–૨–૯૮, ૨૪–૨–૯૮, ૨૧–૩–૯૮,૧૮–૪–૯૮,૨૫–૫–૯૮,૪–૭–૯૮, ૧૧–૭–૯૮ થી લઈ તા. ૧૦–૧–૨૦૧૨ સુધીની ઘણી મુદતો આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આ કોર્ટ ધ્વારા કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે ન્યાયના હિતમાં તારીખ : ૨–૪–૨૦૧૨, તા. ૧૫–૫–૨૦૧૨, તા. ૨૭–૬–૨૦૧૨, તા. ૬–૮–૨૦૧૨, તા. ૧–૯–૨૦૧૨ થી ૫–૭–૨૦૧૭ ની મુદતો આપવામાં આવેલ છે. છેલ્લે તા. ૩–૧૧–૨૦૧૭ ના રોજ ફરીયાદીને નોટીસ કાઢી કેસની મુદતે હાજર રહી કેસ ચલાવવા તાકીદ કરવામાં આવેલ હતી તેમ છતાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. તા. ૧૦–૫–૨૦૧૮ની મુદતે ફરીથી ફરીયાદીને રીમાઈન્ડર નોટીસ કાઢેલ છે તેમ છતાં તેઓ આજરોજની તા. ૬–૯–૨૦૧૮ ના રોજ પોકાર કરવા છતાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ પણ આપેલ નથી .આમ, અદાલત દવારા આજરોજ સાંજના ૫/૩૦ કલાક સુધી ફરીયાદી તેમજ તેમનાં વિ.વ.શ્રીનો અનેકો વખત પોકાર કરાવવા છતા તેઓ હાજર રહેલ નથી કે કોઈ યોગ્ય રજુઆત નથી જેથી કોર્ટને માનવાનું કે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોઈ તેમ જણાય છે. હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો જે કેસ સી.આર.પી.સી.ની કલમ–૨૫૧ થી કલમ–૨૫૯ મુજબ સમન્સ ટ્રાયેબલ ચલાવવામાં આવે છે અને તેમાં સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ માં ફરીયાદી પોતે કોર્ટની કાર્યવાહી દરમ્યાન હાજર ન રહે તો તેમની ગેરહાજરી બદલ યોગ્ય તે કાર્યવાહી કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી હવે તેઓને વધુ તક આપવી ન્યાયોચીત જણાતી નથી જેથી સી.આર.પી.સી.ની કલમ ૨૫૬ અન્વયે સદરહું ફરીયાદ ફરીયાદીની બેદરકારી, ગેરહાજરીના અભાવે સદરહું ફરીયાદ આગળ ચલાવવી યોગ્ય જણાતી ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

ફરીયાદીની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ અન્વયે ફરીયાદીની ગેરહાજરી અને બેદરકારીનાં કારણસર ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે અને આરોપીને ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૬ઠ્ઠી, માહે : સપ્ટેમ્બર, સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૬ /૦૯/૨૦૧૮
સ્થળ : અમદાવાદ.

**( બરકતખાન એચ. ઘાસુરા )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૩૨,
અમદાવાદ.
**U.I.C. NO. GJ00983**